સંદેશ . પાના નં-૦૩, તા. ૧૮-૦૪-૨૦૨૫

# તા.૧૯ એપ્રિલે બપોરના ૧૨:૩૦ સુધી ગાંધીનગર રૂટની મેટ્રો સેવા બંધ રહેશે

અમદાવાદ : કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી આગામી તા. ૧૯ એપ્રિલે સવારે ૮થી ૧૨:૩૦ કલાક સુધી ગાંધીનગર રૂટનું નિરિક્ષણ કરશે. જેથી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-૧, ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો ટ્રેન સેવા એટલા સમય પુરતી બંધ રહેશે. આ દિવસે સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ માટે બપોરે ૧૨:૫૮ કલાકે અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-૧ માટે બપોરે ૧:૧૨ કલાકે મેટ્રો ઉપડશે. મોટેરાથી સચિવાલય સુધી મેટ્રો ટ્રેન દોડાવવાની હોવાથી કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી આ રૂટના નિરિક્ષણ માટે આવી રહ્યા છે.